# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મધ્ય એશિયાઈ દેશ ઉઝબેકિસ્તાનના બે દિવસના પ્રવાસે તાશ્કંદ પહોંચ્યા.

2) નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને 626 થયો, આ કટોકટીના સમયે તાત્કાલિક સહાય બદલ નેપાળ સરકારે ભારતની પ્રશંસા કરી

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારતને પોતાની સભ્યતા વારસા, સંસ્કૃતિ અને ક્ષમતાઓમાં વિશ્વાસ છે.

4) નાણામંત્રી નિર્મલા સીતારમણે અમેરિકામાં ભારતના વ્યાપક વિકાસ, સુધારાઓની ગતિ અને લાંબાગાળાના રોકાણ માટેની તક અંગે ચર્ચા કરી.

5) યુક્રેનના પાટનગર કિવ નજીક રશિયાના ડ્રોન હુમલામાં 37 લોકોના મોત.

6) મહાન ભારતીય હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે આજે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી.

***************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-UZBEKISTAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્ય એશિયાઈ દેશ ઉઝબેકિસ્તાનની બે દિવસીય મુલાકાત માટે ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદ પહોંચ્યા. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શ્રી શવકત મિર્ઝીયોયેવ દ્વારા પ્રધાનમંત્રીનું સ્વાગત કરાયું.**

**શ્રી મોદીએ જણાવ્યું  કે ઉઝબેકિસ્તાન અને કિર્ગિઝ રિપબ્લિકની તેમની મુલાકાત મધ્ય એશિયામાં ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે અને આ ક્ષેત્ર સાથે સભ્યતા સંબંધોને વધુ ગાઢ બનાવશે.**

**પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે વેપાર અને રોકાણ  ,  ડિજિટલ કનેક્ટિવિટી ,  સંરક્ષણ અને ઉર્જામાં સહયોગને વધુ મજબૂત બનાવવા તેમજ વિકસિત ભારત અને વિકસિત ઉઝબેકિસ્તાનના સહિયારા દ્રષ્ટિકોણને આગળ વધારવા અંગે ચર્ચા કરશે.**

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયોના "મન કી બાત" કાર્યક્રમમાં ભારત અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 137મો એપિસોડ હશે. હિન્દીમાં મન કીબાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# NEPAL-PREZ – FLOOD

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને 626 થઈ ગયો છે , જ્યારે 2,000 થી વધુ લોકો હજુ પણ ગુમ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. બચાવેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે 320 ભારતીય નાગરિકો હજુ પણ સંપર્કવિહોણા છે.

નેપાળ સરકારે આ કટોકટીની ઘડીમાં ભારતની તાત્કાલિક સહાય માટે પ્રશંસા વ્યક્ત કરી છે. નેપાળે ભારતના પ્રયાસોની પ્રશંસા કરી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉદાર ગણાવ્યા. નેપાળના નાણામંત્રી સ્વર્ણિમ વાગલેએ જણાવ્યું હતું કે પૂર પછી ભારતથી ખાસ પુરવઠો હવાઈ માર્ગે મોકલવામાં આવ્યો હતો , અને ભારતે પુનર્નિર્માણ માટે સહાયનો સંકેત આપ્યો છે.

26 ઓગસ્ટથી , ભારતે નેપાળના પૂરગ્રસ્ત વિસ્તારોમાં 57 ટનથી વધુ રાહત પુરવઠો મોકલ્યો છે. નેપાળની વિનંતી પર , તબીબી કર્મચારીઓ અને ટનલ બચાવ નિષ્ણાતો સહિત 11 સભ્યોની ભારતીય ટીમ પણ સ્થાનિક અધિકારીઓને મદદ કરવા માટે નેપાળ પહોંચી છે.

નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે નેપાળમાં આવેલા વિનાશક પૂર બાદ ભારત સરકારની ચિંતા અને સહાય માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો આભાર વ્યક્ત કર્યો.

# RAJNATH - NEPAL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું કે , ભારત નેપાળમાં કટોકટીની પરિસ્થિતિ અંગે ચિંતિત છે. લખનૌમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી સિંહે કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે , ભારત નેપાળને જરૂરી તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. અને ભારત પડોશી દેશને સતત સહાય મોકલી રહ્યું છે.

# INDIA - NEPAL FLASH FLOOD

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે બુધવારે આવેલા પૂર દુર્ઘટના બાદ નેપાળમાં અત્યાર સુધીમાં 88 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું કે, ભારતની છ ફોરેન્સિક નિષ્ણાત ટીમો આજે કાઠમંડુ પહોંચે તેવી અપેક્ષા છે જેથી નશ્વર અવશેષોની ઓળખ માટે ડીએનએ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં મદદ મળી શકે. ટનલ રેસ્ક્યુ-રિકનેસ માટે એક વિશેષ ટેકનિકલ ટીમ ગઈકાલે કાઠમંડુ પહોંચી હતી અને અસરગ્રસ્ત વિસ્તારમાં ટનલ રેસ્ક્યુમાં મદદ કરવા માટે કામ શરૂ કર્યું હતું. તેમની ભલામણના આધારે, ભારતની એક વિશેષ ટનલ રેસ્ક્યુ ટીમ આજે સાધનો સાથે નેપાળ પહોંચે તેવી અપેક્ષા છે.

# UP-RAJNATH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે ભારત ફક્ત એક મુખ્ય અર્થતંત્ર તરીકે જ નહીં પરંતુ એક એવા રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે જેને તેના સભ્યતા વારસા , સંસ્કૃતિ અને ક્ષમતાઓમાં વિશ્વાસ છે. લખનૌમાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટીના 11મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે જ્યારે ભારત આજે બોલે છે, ત્યારે દુનિયા સાંભળે છે.

## (BYTE- RAJNATH SINH)

***"पिछले बारह वर्षों में शिक्षा की क्वॉलिटी, एक्सेसिबिलिटी और अफोर्डेबिलिटी बढ़ी है। भारत का रिसर्च एंड डेवलपमेंट एक्सपेंडिचर पहले के कम्पेरिजन में दोगुना हो गया है। 34 इयर्स में पहली बार हमने नेशनल एजुकेशन पॉलिसी बनाई है। शिक्षा के क्षेत्र में हुए बदलावों और अच्छी पॉलिसीज का ही यह परिणाम है कि आज देश के नौजवान स्टार्टअप्स खड़े कर रहे हैं, यूनिकॉर्न कंपनियां बना रहे हैं।"***

# VICE PRESIDENT-KERALAM VISIT

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન આવતીકાલે બે દિવસીય પ્રવાસના ભાગરૂપે કેરલમ પહોંચશે. તેઓ અલપ્પુઝામાં મુખ્ય મલયાલમ દૈનિક કેરલ કૌમુદીની 115માં સ્થાપના વર્ષ સમારોહમાં સામેલ થશે.

ત્યારબાદ ઉપરાષ્ટ્રપતિ પથનમથિતતામાં કેરલમની પ્રસિધ્ધ અરનમુલા નૌકાદોડનું ઉદ્ઘાટન કરશે. પમ્પા નદીમાં આ વાર્ષિક નૌકાદોડમાં 51 સ્નેકક બોટ ભાગ લેશે. સાથે જ તિરુવનંતપુરમમાં ઓણમ પ્રવાસી સપ્તાહના સમાપન સમારોહની શરૂઆત પણ કરશે.

શ્રી રાધાકૃષ્ણન સોમવારે લક્ષદ્વીપના અગતી જશે , જ્યાં તેઓ મત્સ્યપાલન , પશુપાલન અને ડેરી મંત્રાલયના જનસંપર્ક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કેરલમ પરત ફરતા તેઓ કોચ્ચીના કક્કડનાદમા રાજાગીરી સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના રજતજયંતી સમારોહમાં પણ સામેલ થ શે. ઉલ્લેખનીય છે કે , ઉપરાષ્ટ્રપતિના પ્રવાસને પગલે સમગ્ર રાજ્યમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EVE. SITHARAMAN US VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે  અમેરિકાના  શિકાગોમાં ભારતના વ્યાપક વિકાસ, સુધારાઓની ગતિ અને લાંબા ગાળાના રોકાણ માટે વધતી જતી તકો પર ચર્ચા કરી. તેમણે અગ્રણી રોકાણકારો અને ઉદ્યોગપતિઓ સાથે ઉચ્ચ સ્તરીય વ્યાપાર ગોળમેજી બેઠકને સંબોધિત કરી.

તેમણે કહ્યું હતું કે ભારતમાં રોકાણનો અર્થ વ્યાપક બજાર, ટકાઉ આર્થિક વિકાસ, કુશળ પ્રતિભા ,  વિશ્વ કક્ષાનું માળખાગત સુવિધા  ,  અદ્યતન ટેકનોલોજી અને એક દાયકાના સુધારા છે.

આ બેઠક "ભારતમાં ઉત્પાદન - ભારત અને વિશ્વ માટે" પર કેન્દ્રિત હતી. ચર્ચાઓમાં ઉત્પાદન, AI અને ડિજિટલ ટેકનોલોજી , નાણાકીય સેવાઓ, માળખાગત સુવિધાઓ, ખાદ્ય પ્રક્રિયા ,  સંરક્ષણ અને અદ્યતન ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં તકોને આવરી લેવામાં આવી હતી.

# INDIA-ARGENTINA TRADE COMMITTEE

ભારત-આર્જેન્ટિના સંયુક્ત વેપાર સમિતિની ચોથી બેઠક બ્યુનોસ એરેસમાં યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 2025 માં આર્જેન્ટિના મુલાકાત દરમિયાન સંમત થયેલી કાર્ય યોજનાની સમીક્ષા કરાઇ હતી. બંને દેશોએ વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ખાણકામ , ઉર્જા અને માળખાગત સુવિધાઓ ક્ષેત્રોમાં રોકાણની તકો પર ચર્ચા કરવામાં આવી હતી.

બંને પક્ષો આયુર્વેદ અને યોગ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે પણ સંમત થયા ભારત હવે આર્જેન્ટિનાનો પાંચમો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. આ પ્રયાસોથી ભારતીય ખેડૂતો અને નિકાસકારો માટે નવી તકો ઊભી થવાની અપેક્ષા છે. તેઓ કૃષિ વેપારને પણ વેગ આપશે અને 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

# RUSSIA-UKRAINE-ATTACK

યુક્રેનની રાજધાની કિવ નજીક બુચા જિલ્લામાં આજે થયેલા ઘાતક રશિયન ડ્રોન હુમલામાં 37 લોકો માર્યા ગયા. સ્થાનિક પ્રાદેશિક લશ્કરી વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર આ હુમલામાં 50 રહેણાંક ઇમારતોને નુકસાન થયું હતું  અને ઘણા ઘરો અને એક રેસ્ટોરન્ટમા પણ ભીષણ આગ લાગી હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે માયલા ગામમાં એક ગોદામ પર હુમલો થયો અને ત્યારબાદ વિસ્ફોટ થયો હતો  . જેમાં વૃદ્ધો અને અપંગ લોકો માટેના કેર હોમ અને રહેણાંક ઇમારતોને નુકસાન થયું હતું.

# IMD-WEATHER

હવામાન વિભાગે સોમવાર સુધી ઓડિશામાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદ અને વાવાઝોડા ચાલુ રહેવાની ધારણા છે. દરમિયાન , બિહાર, પશ્ચિમ બંગાળના ગંગા પ્રદેશ , ઝારખંડ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તરપૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં આગામી બે થી ત્રણ દિવસ સુધી ભારે વરસાદની પણ આગાહી છે.

# CRICKET-WOMEN's T20 ASIA CUP

મહિલા ક્રિકેટમાં, T20 એશિયા કપ માં દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ભારત થાઇલેન્ડ સામે  મેચ રમશે ,આ મેચ  ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થસે

ભારતનું નેતૃત્વ હરમનપ્રીત કૌર કરશે     ,  સ્મૃતિ મંધાના ઉપ-કપ્તાન હશે. થાઇલેન્ડે ગઈકાલે હોંગકોંગ ચીન સામે જીત સાથે ટુર્નામેન્ટની શરૂઆત કરી હતી.

# NATIONAL SPORTS DAY

મહાન ભારતીય હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે આજે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપી. પ્રધાનમંત્રીએ તમામ રમતપ્રેમીઓના સમર્પણ, જુસ્સા અને દૃઢ નિશ્ચયની પ્રશંસા કરી.